કપરાડાના સુથારપાડામાં રૂપિયા ૨ કરોડના ખર્ચે બનેલી પીએમ જનમન બોઈઝ હોસ્ટેલ

હોસ્ટેલ તૈયાર થયાને એક વર્ષ વીતવા છતાં લોકાર્પણનો અભાવ

શિક્ષણ માટે કરાયેલા ખર્ચ નકામો સાબિત થયો

ગરીબ અને છેવાડાના વિદ્યાર્થીઓ માટેની આધુનિક સુવિધા શોભાના ગાંઠિયા સમાન બનતા રોષ

પાણીનો બોર કાઢ્યો તો પાણી નીકળ્યું જ નહીં, હવે નજીકના કુવામાંથી પાણીની વ્યવસ્થા કરશે

વલસાડ : કપરાડા તાલુકાના સુથાર પાડા ખાતે સમગ્ર શિક્ષા ગુજરાત દ્વારા આશરે 2 કરોડના ખર્ચે નિર્માણ થયેલી પી.એમ. જનમન બોઇઝ હોસ્ટેલ તૈયાર થયે આશરે 1 વર્ષ વીતી ગયું હોવા છતાં તેનું લોકાર્પણ ન કરાતા ગરીબ વિદ્યાર્થીઓ માટે શિક્ષણ માટે કરાયેલા ખર્ચ નકામો સાબિત થયો છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, રાજ્ય સરકાર દ્વારા છેવાડાના વિદ્યાર્થીઓ પણ સુવિધાયુક્ત શિક્ષણ મેળવી શકે તે માટે અત્યાધુનિક શાળાના મકાનો અને કન્યા, કુમાર હોસ્ટેલ બનાવવા કરોડો રૂપિયા ફાળવી રહી છે. ત્યારે ગુજરાતના સરહદી વિસ્તાર સુથારપાડા ખાતે આશરે 2 કરોડની આસપાસ ખર્ચે નિર્માણ કરાયેલી છાત્રાલયને તૈયાર થયે 1 વર્ષથી વધુ સમય વીતી ગયો હોવા છતાં તેને શરૂ કરાયું નથી. લોકાર્પણ કરાયું નથી, પરિણામે આજે પણ તાળું લટકતું જોવા મળે છે. ત્યારે સ્થાનિકો દ્વારા આ મુદ્દે વલસાડ અને કપરાડા સ્થિત તંત્રને જાણ કરી હોવા છતાં કોઈ કાર્યવાહી થઈ નથી.

નિર્માણ અગાઉ પાણી વીજળીની વ્યવસ્થા કેમ ન કરાઈ

કરોડોના ખર્ચે અહીં છાત્રાલય તો પાસ કરી દીધું, કામ શરૂ કરી દીધું પરંતુ સૌથી મહત્વનું 100 વિદ્યાર્થીઓ માટે પાણીની વ્યવસ્થા કઈ રીતે થશે તે તરફ કોઇએ ધ્યાન ન આપ્યું. અહીં પાણીનો બોર તો કાઢવામાં આવ્યો પરંતુ તેમાં પાણી નહીં નીકળતા લોકાર્પણ લંબાતું ગયું, એટલુ જ નહીં અહીં વીજળીનું મીટર પણ નથી લગાવવામાં આવ્યું, જેથી વીજળી પણ નથી. હાલે વીજ મીટર માટે કાર્યવાહી શરૂ થઈ હોવાનું અધિકારીઓ જણાવી રહ્યા છે.

પાણી ન નીકળતા હોસ્ટેલ શરૂ થઈ શકી નથી

વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગના ટી.આર.પી. મિલન પટેલે જણાવ્યું કે, ડુંગરાળ વિસ્તાર હોય બોર કાઢ્યો હોવા છતાં પાણી ન નીકળતા હોસ્ટેલ શરૂ થઈ શકી નથી, અગાઉ અસ્ટોલ અને ત્યારબાદ હાલે વાસ્મો વિભાગને જાણ કરી છે, ઉપરાંત પાણીની અન્ય સુવિધા શરૂ ન થાય ત્યાં સુધી નજીક આવેલા કૂવામાંથી પાણીની વ્યવસ્થા કરાશે.

દારૂના નશામાં વૃદ્ધનો જીવ લેનાર ઓડી કારચાલક જેલમાં ધકેલાયો

કાર મુકીને ફરાર થયેલા આરોપીને પોલીસે ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડ્યો હતો

નવસારી: એરૂ ચાર રસ્તા ખાતે દારૂના નશામાં લક્ઝુરિયસ ઓડી કાર પૂરપાટ હંકારી વૃદ્ધને અડફેટે લેવાના અને ત્યારબાદ ઘટનાસ્થળેથી ફરાર થઈ જવાના ગંભીર બનાવમાં પોલીસે ઝડપી પાડેલા શિવાંગ ભરતભાઈ પટેલને અદાલતે જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દીધો છે.

એરૂ ચાર રસ્તા ખાતે શિવ ફેબ્રિકેશન સામે જાહેર માર્ગ પર સફેદ રંગની ઓડી કાર નં. GJ-21-AH-9347 પૂરપાટ ઝડપે આવી રહી હતી. આ દરમિયાન રસ્તો ક્રોસ કરી રહેલા વૃદ્ધ અરુણ દેવશંકર ઉપાધ્યાયને કારચાલકે જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ગંભીર હતી કે વૃદ્ધને માથા તથા શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી અને તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

અકસ્મત સર્જાયા બાદ કારચાલક સ્થળ પર પોતાની મોંઘીદાટ ઓડી કાર છોડીને ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જલાલપોર પોલીસ દોડી આવી હતી અને મૃતકના પુત્ર અંકિત ઉપાધ્યાયની ફરિયાદના આધારે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

પોલીસે ગણતરીના કલાકોમાં જ શિવાંગ પટેલને ઝડપી પાડ્યો હતો. નશાની હાલતમાં વાહન ચલાવી અકસ્માત સર્જવા તથા માનવમૃત્યુના મામલે BNS અને મોટર વ્હીકલ એક્ટની સંબંધિત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી.

આરોપીને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવતા અદાલતે સમગ્ર મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખી તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કર્યો હતો. એરૂ ચાર રસ્તા પર બનેલી આ ઘટનાએ ફરી એકવાર નશામાં ડ્રાઇવિંગ અને બેફામ ઝડપે વાહન હંકારવાના જોખમ સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

નવસારી મનપામાં વર્ષોની સેવા છતાં નોકરીની સુરક્ષા નહીં!

800 કોન્ટ્રાક્ટ કર્મચારીઓનો 'કાયમી હક'નો પોકાર

કોન્ટ્રાક્ટરોની કામગીરી અને કર્મચારી હકોની તપાસ કરવા કમિશનરને રજૂઆત

નવસારી: નવસારી મહાનગરપાલિકામાં વર્ષોથી કોન્ટ્રાક્ટ પદ્ધતિ હેઠળ ફરજ બજાવતા અંદાજે 800 કર્મચારીઓના કાયમીકરણનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. વોર્ડ નં. 4ના નગરસેવકો પ્રભાબેન નરેશકુમાર વલસાડીયા અને પ્રકાશભાઈ શાંતિભાઈ હળપતિએ મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરી કર્મચારીઓને નોકરીની સુરક્ષા આપવા તથા કોન્ટ્રાક્ટ પદ્ધતિમાં તેમના હકોનું રક્ષણ કરવાની માંગ કરી છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ મનપાની સફાઈ, ગટર-ડ્રેનેજ અને જાહેર આરોગ્ય જેવી મહત્વપૂર્ણ સેવાઓમાં આ કર્મચારીઓ લાંબા સમયથી કામગીરી કરી રહ્યા છે. તેમ છતાં વર્ષોની સેવા બાદ પણ તેઓ કોન્ટ્રાક્ટ આધારિત રોજગાર પર નિર્ભર હોવાથી નોકરીની સ્થિરતા અંગે અનિશ્ચિતતા રહેતી હોવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે.

ન ગ ર સે વ ક ો એ કર્મચારીઓના અનુભવ અને લાંબી સેવાને ધ્યાનમાં રાખીને લાગુ પડતા સરકારી નિયમો મુજબ તેમને નિયમિત કરવાની શક્યતાઓ તપાસી જરૂરી પ્રક્રિયા હાથ ધરવાની માંગ કરી છે. સાથે જ કોન્ટ્રાક્ટરો દ્વારા કર્મચારીઓને લઘુત્તમ વેતન, પગાર, EPF, ESIC, રજા સહિતના લાભો મળે છે કે નહીં તેની તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. રજૂઆતમાં નિયમોના ઉલ્લંઘન સામે જવાબદાર કોન્ટ્રાક્ટરો વિરુદ્ધ કાર્યવાહી કરવા તેમજ સમગ્ર મામલે તંત્ર દ્વારા લેખિત અહેવાલ તૈયાર કરી યોગ્ય નિર્ણય લેવા પણ ભાર મૂકાયો છે. વર્ષોથી મનપાની મહત્વપૂર્ણ સેવાઓમાં યોગદાન આપતા 800 જેટલા કર્મચારીઓના ભવિષ્ય સાથે જોડાયેલા આ મુદ્દે હવે મનપા તંત્ર શું નિર્ણય લે છે તેના પર નજર છે.

વાપીમાં CM મોર્ડન સ્ટ્રીટ, વેન્ડિંગ માર્કેટ યોજનાનો નિર્ણય લેવાશે

વાપી મનપાની સામાન્ય સભામાં કામો મંજૂર કરવા અને ખર્ચ-કરારની સત્તાની મંજૂરી અપાશે

વાપી : વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભા તા. ૩૦/૦૯/૨૦૨૬ ને બુધવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે મેયર દક્ષાબેન પટેલના અધ્યક્ષપણા હેઠળ વાપી મહાનગરપાલિકા હસ્તકના મોરારજી દેસાઈ શોપીંગ સેન્ટરના બીજા માળે મીટીંગ હોલ ખાતે મળશે. એજન્ડામાં ગત તા. ૩૧/૦૮/૨૦૨૬ ના રોજની સામાન્ય સભાની કાર્યવાહી નોંધને બહાલી આપવા, તા. ૧૧/૦૯/૨૦૨૬ ની સ્થાયી સમિતિની ભલામણ મુજબ વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ તથા ખાસ સમિતિ ને કામો મંજુર કરવા, ખર્ચની ત થા કરાર કરવાની સત્તા ની મંજુરી આપવા અંગે, તા. ૧૧/૦૯/૨૦૨૬ ની સ્થાયી સમિતિની ભલામણ મુજબ વાપી મહાનગરપાલિકાના મંજુર સંવર્ગો પૈકી ની જગ્યાઓની દિવ્યાંગ કેટેગરી અંગે તા.૧૧/૦૯/૨૦૨૬ ની સ્થાયી સમિતિની ભલામણ મુજબ રી કન્સ્ટ્રકશન ઓફ આર.ઓ.બી એન્ડ આર.યુ.બી એટ એ ક્સીટિંગ આર.ઓ.બી એટ રેલ્વે ચે.172/16-18 એટ વાપી પ્રોજેક્ટના કામે વાપી, જિ-વલસાડની જમીન સંપાદન અંગે, તા. ૧૧/૦૯/૨૦૨૬ ની સ્થાયી સમિતિની ભલામણ મુજબ વાપી મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં સી.એમ. મોર્ડન સ્ટ્રીટ વેન્ડીંગ માર્કેટ યોજના હેઠળ દરખાસ્ત મંજુર કરવા અંગે, તા. ૨૧/૦૯/૨૦૨૬ ની સ્થાયી સમિતિની ભલામણ મુજબ વાપી શહેરી બસ સેવાના સંચાલન, જાળવણી અને નીતિ ઘડતર માટે સ્પેશીયલ પર્પઝ વ્હીકલ (SPV) ના રિવાઈઝ્ડ બોર્ડ ઓફ ડીરેક્ટરો તથા શેર કેપીટલની મંજૂરીને બહાલી આપવા, તા.૨૧/૦૯/૨૦૨૬ ની સ્થાયી સમિતિની ભલામણ મુજબ તત્કાલીન નગરપાલિકા દ્વારા નિયુક્ત થયેલા અને હાલે વાપી મહાનગરપાલિકામાં કામગીરી કરતા ફીક્સ પગાર આધારિત કર્મચારીઓ (સફાઈ કામદારો) ને લાંબા સમયગાળાની નિમણૂકને બહાલી આપવા અંગે નિર્ણય લેવાશે.

ધારાસભ્ય બનવાની લાલચમાં નવસારીનો વિકાસ કેમ અટકાવો છો?'

વોર્ડ નં. 4નાં નગરસેવિકાનો મેયર અશોક ધોરાજિયાને સવાલોનો મારો

નવસારી: નવસારીમાં વિકાસના મુદ્દે સવાલો ઉઠવા લાગ્યા છે. વોર્ડ નં. 4નાં નગરસેવિકા પ્રભા વલસાડિયાએ મેયર અશોક ધોરાજિયાને સંબોધીને પત્ર પાઠવી શહેરના વિકાસના અધૂરા કામો ઝડપથી પૂર્ણ કરવાની માંગ કરી છે.

પાઠવાયેલા પત્રમાં નગરસેવિકાએ મેયરને સંબોધીને જણાવ્યું છે કે તેઓ વિધાનસભા ચૂંટણીમાં દાવેદારી કરે તેમાં કોઈ વાંધો નથી, પરંતુ ધારાસભ્ય બનવાની રાજકીય મહત્વાકાંક્ષાના કારણે નવસારી શહેરના વિકાસના કામો અટકવા ન જોઈએ તેવી ટકોર કરી છે.

પત્રમાં વધુમાં જણાવાયું છે કે નવસારીની પ્રજાએ મેયરને શહેરના પ્રથમ નાગરિક તરીકે જવાબદારી સોંપી છે અને તેમની પાસેથી વિકાસની અપેક્ષા રાખે છે. નગરસેવિકાએ મેયરને પોતાના અધૂરા કામો ઝડપથી પૂર્ણ કરવા તથા વિકાસના કામોમાં કોઈપણ પ્રકારનું રાજકારણ ન લાવવાની અપીલ કરી છે. આ રજૂઆત બાદ નવસારી મહાનગરપાલિકાના વિકાસના કામો અને નેતૃત્વની કામગીરીને લઈને નવી ચર્ચા શરૂ થઈ છે. પત્રના અંતમાં મેયરને પ્રજાએ વિશ્વાસ સાથે જવાબદારી સોંપી હોવાનું જણાવી અધૂરાં કામો પૂર્ણ કરવા અને વિકાસને રાજકારણથી દૂર રાખવા ભારપૂર્વક જણાવાયું છે.

વઘઈમાં અકસ્માતના ગુનામાં નાસતો ફરતો આરોપી સુરતથી ઝડપાયો

આરોપીએ પોતાની કાર ગફલતભરી રીતે ચલાવી પોલીસ કર્મચારીની કારને ટક્કર મારી હતી

સાપુતારા : ડાંગ જિલ્લામાં નોંધાયેલા ગુનાઓના વોન્ટેડ અને નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવના માર્ગદર્શન હેઠળ વઘઈ પોલીસ દ્વારા વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ સઘન કાર્યવાહી દરમિયાન પોલીસે અકસ્માતના એક ગુનામાં છેલ્લા ૬ વર્ષથી ફરાર ચાલી રહેલા આરોપીને સુરત ખાતેથી ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે.

તા. ૦૬/૧૨/૨૦૨૦ ના રોજ વઘઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આરોપીએ પોતાની મહિન્દ્રા XUV કાર (નં. GJ-05-JR-1059) પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી ડાંગ પોલીસમાં ફરજ બજાવતા કર્મચારીની સ્વિફ્ટ કારને ટક્કર મારી રૂપિયા ૫૫,૦૦૦ નું નુકસાન કર્યું હતું અને ત્યારબાદ સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ગુનો નોંધાયા બાદ આરોપી પોતાનું મકાન વેચીને નાસતો ફરતો હોવાથી લાંબો સમય પત્તો ન લાગતા 'અ' સમરી ભરવામાં આવી હતી. જોકે, વઘઈ પોલીસે ટેક્નિકલ સર્વેલન્સ અને પાનકાર્ડ આધારિત ડિજિટલ એનાલિસિસની મદદથી આરોપીનું ચોક્કસ સરનામું શોધી કાઢ્યું હતું.

વઘઈ પોલીસની ટીમે સુરત શહેરના સાયણ રોડ, કોસાડ વિસ્તારમાં શિક્ષાપત્રી હાઇટ નજીક આવેલા આસ્થા રો-હાઉસ ખાતે દરોડો પાડી આરોપી યોગેશભાઈ રમેશભાઈ જાડા (ઉં.વ. ૩૬, ડ્રાઇવિંગ, મૂળ રહે. અમરેલી) ને ઝડપી લીધો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી વઘઈ પોલીસ સ્ટેશન ખાતે લાવીને આગળની કાયદેસરની વધુ તપાસ હાથ ધરી છે.

ઘેજ સહકારી મંડળીના ખાતર કૌભાંડમાં તપાસ સામે સવાલો

કરોડોનું ચેક બાઉન્સ અને બોગસ બિલ દ્વારા સબસિડીયુક્ત યુરિયાનું કૌભાંડ

રેશનકાર્ડ ધારકોના અંગૂઠાના નિશાનનો દુરુપયોગ અને મર્યાદિત તપાસ

રેશનકાર્ડધારકો અનાજ માટે અંગૂઠો મૂકે ત્યારે તેઓની જાણ બહાર ખાતરના પી.ઓ.એસ. મશીન પર પણ અંગૂઠો મુકાવી લઈ તેઓના નામે બોગસ બિલો ઉધારવામાં આવ્યા છે. આ ખાતરનો જથ્થો ફેક્ટરીઓમાં સગેવગે કરાયો હોવાની આશંકા છે. છેલ્લા ત્રણ વર્ષમાં દસ હજારથી વધુ બિલો હોવાનું ચર્ચાય છે, પરંતુ તેમાંથી માંડ ૭૦ જેટલા બિલધારકોના જ નિવેદનો લેવાયા છે. આ મર્યાદિત તપાસને કારણે મંડળીના કારભારીઓને નોટિસ ફટકારાયા છતાં ન્યાયી અને પારદર્શક તપાસ સામે શંકાના વાદળો ઘેરાયા છે.

જિલ્લા રજિસ્ટ્રાર કચેરીની ભૂમિકા શંકાના ઘેરામાં

ઘેજ ગામની સહકારી મંડળીમાં ૨૦૧૭થી નાણાકીય અનિયમિતતાઓ સામે આવી હોવા છતાં આજદિન સુધી ઓડિટમાં કોઈ તથ્ય બહાર ન આવવું તે મોટો સવાલ છે. મંડળીમાં અગાઉ ઓડિટ કરનાર પેનલના ઓડિટરને જ ફરી ઓડિટ સોંપાતા જિલ્લા રજિસ્ટ્રાર કચેરીની ભૂમિકા શંકાના દાયરામાં આવી ગઈ છે. તપાસમાં ઢીલાશ અને પરિણામલક્ષી કાર્યવાહી ન થતાં સ્થાનિક આગેવાન દ્વારા ઉચ્ચ કક્ષાએ તપાસ માટે તજવીજ હાથ ધરાઈ છે.

અહેવાલ ઉપલી કચેરીમાં સબમિટ કરાયો છે

ચીખલીના ખેતીવાડી અધિકારી ચંદુભાઈના જણાવ્યા અનુસાર, ઘેજ મંડળીમાં ખાતરના બિલ અંગે ૭૦ જેટલા લોકોના નિવેદનો લઈને સમગ્ર તપાસનો અહેવાલ ઉપલી કચેરીમાં સબમિટ કરાયો છે અને મંડળીને કારણદર્શક નોટિસ આપી ખુલાસો માંગવામાં આવ્યો છે.

ઘેજ : ચીખલી તાલુકાની ઘેજ ગામની સહકારી મંડળીમાં ખાતરના વેચાણમાં થયેલી ગેરરીતિની ફરિયાદ બાદ ખેતીવાડી વિભાગ દ્વારા મંડળીને કારણદર્શક નોટિસ ફટકારી ખુલાસો માંગવામાં આવ્યો છે. જો કે, તપાસ દરમિયાન કુલ બિલોની સામે અત્યંત ઓછી સંખ્યામાં બિલધારકોના નિવેદનો લેવાતાં સમગ્ર તપાસ સામે અનેક ગંભીર સવાલો ઉભા થયા છે.

ઘેજ ગામની સહકારી મંડળી દ્વારા ગુજકોમાસોલને બે વર્ષથી રાસાયણિક ખાતરનું પેમેન્ટ ન ચૂકવાતા અને ૧.૦૪ કરોડ રૂપિયાનો ચેક બાઉન્સ થતાં આ સમગ્ર પ્રકરણ પ્રકાશમાં આવ્યું હતું. આ હકીકત બહાર આવતા ગામના આગેવાનોએ જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરી હતી. ખેડૂતોને અંધારામાં રાખી બોગસ બિલો ઉધારી સબસિડીયુક્ત યુરિયા ખાતર ફેક્ટરીઓમાં વેચી દઈ મોટાપાયે ગેરરીતિ આચરવામાં આવી હોવાની આશંકા વ્યક્ત કરી સઘન તપાસની માંગ કરાઈ હતી.

જિલ્લા કલેક્ટરના આદેશ બાદ હરકતમાં આવેલી નાયબ ખેતી નિયામક કચેરીના અધિકારીઓએ પી.ઓ.એસ. મશીનના ડેટાના આધારે ઘેજ અને ગામોના બિલધારકોનો સંપર્ક કરી નિવેદનો લીધા હતા. તપાસમાં ખેતમજૂરો, જમીનવિહોણા અને બિનખેડૂત ખાતેદારોના નામે ખાતરના બિલો ઉધારી દેવાયાની ચોંકાવનારી વિગતો બહાર આવી હતી.

નવસારી કોંગ્રેસ માટે પડકાર બહારનો નહીં, સંગઠન મજબૂત કરવાનો

મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાની માંગ સાથે કલેક્ટર કચેરી બહાર દેખાવો

રાષ્ટ્રીય મુદ્દાઓ વચ્ચે સ્થાનિક સ્તરે સંગઠનની પકડ અને જનસંપર્ક સામે ઉઠતા સવાલો

નવસારી : ચૂંટણી પંચની કામગીરી સામે વિરોધ નોંધાવવા નવસારી કોંગ્રેસે કલેક્ટર કચેરી બહાર ધરણાં અને ચક્કાજામ કર્યો હતો. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની માંગ સાથે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. ચક્કાજામ બાદ પોલીસે કેટલાક કાર્યકરોની અટકાયત કરી હતી. આમ, વિરોધ તો થયો, પરંતુ આ કાર્યક્રમ નવસારી કોંગ્રેસની રાજકીય સ્થિતિને લઈને પણ અનેક સવાલો છોડી ગયો છે.

રાષ્ટ્રીય મુદ્દાને લઈને રસ્તા પર ઉતરેલી કોંગ્રેસે શક્તિપ્રદર્શનનો પ્રયાસ કર્યો, પરંતુ સ્થાનિક સ્તરે સંગઠનની મજબૂત હાજરી અને જનતા વચ્ચેની સતત પકડ કેટલી છે તે મુદ્દે ચિત્ર એટલું સ્પષ્ટ દેખાતું નથી. એકાદ દિવસના ધરણાં, સૂત્રોચ્ચાર અને ચક્કાજામથી રાજકીય સંગઠન મજબૂત થતું નથી, તેના માટે સતત જનસંપર્ક અને સ્થાનિક પ્રશ્નો પર લાંબી લડત જરૂરી બને છે.

ચૂંટણી કમિશનરો સુખબીરસિંહ સંધુ અને વિવેક જોશીએ 10 મહિનામાં 14 વખત વિવિધ મુદ્દે વાંધા નોંધાવ્યાના અહેવાલને કોંગ્રેસે આક્રમક રીતે ઉઠાવ્યો છે. બીજી તરફ ચૂંટણી પંચે નિર્ણય પ્રક્રિયા અંગે પોતાનું સ્પષ્ટીકરણ આપ્યું છે.

નવસારી કોંગ્રેસ માટે હવે સવાલ માત્ર કેટલા ધરણાં થયા કે કેટલા કાર્યકરોની અટકાયત થઈ તેનો નથી. સવાલ એ છે કે આ વિરોધનો વાસ્તવિક રાજકીય લાભ કેટલો મળશે અને સામાન્ય મતદાર સુધી કોંગ્રેસની વાત કેટલી પહોંચશે. દેશમાં કોંગ્રેસના પુનરાગમનની ચર્ચા વચ્ચે નવસારીમાં કોંગ્રેસ માટે સૌથી મોટો પડકાર બહારનો નહીં, પોતાનું સંગઠન ફરી મજબૂત કરવાનો છે. વિરોધના કાર્યક્રમો સતત યોજાતા રહે, પરંતુ જો તેનો પડઘો મતદાર સુધી ન પહોંચે તો આંદોલન માત્ર ફોટા, સૂત્રોચ્ચાર અને એક દિવસની હેડલાઇન બની રહેવાનો ખતરો છે.

નવસારીમાં સપ્ટેમ્બરના અંતે ગરમી-બફારાનો માર

મહત્તમ તાપમાન 33.5 ડિગ્રી નોંધાયું છતાં ઊંચા ભેજ અને મંદ પવને ઉકળાટ વધાર્યો

નવસારી : નવસારીમાં સપ્ટેમ્બરનો અંત નજીક આવતાં ગરમીમાંથી રાહત મળવાની આશા વચ્ચે મંગળવારે વાતાવરણમાં ભારે બફારો જોવા મળ્યો હતો. નવસારી કૃષિ યુનિવર્સિટીના હવામાન વિભાગના આંકડા મુજબ દિવસનું મહત્તમ તાપમાન 33.5 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 26.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જોકે તાપમાન કરતાં પણ ઊંચા ભેજે નગરજનોની મુશ્કેલી વધારી હતી.

સવારના સમયે સાપેક્ષ ભેજનું પ્રમાણ 92 ટકા સુધી પહોંચી ગયું હતું, જ્યારે સાંજે પણ તે 81 ટકા નોંધાયું હતું. ભેજનું પ્રમાણ આટલું ઊંચું રહેતા હવામાં ઠંડકનો અનુભવ ઓછો થયો હતો અને ગરમીની સાથે ચીકાશભર્યા બફારાએ લોકોની અકળામણ વધારી હતી.

વાતાવરણમાં પવનની ગતિ પણ ખાસ નોંધપાત્ર રહી નહોતી. દિવસ દરમિયાન પવન માત્ર 1.7 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા હવામાં ગરમીનો ભરાવો યથાવત રહ્યો હતો. પરિણામે સવારથી જ લોકો પરસેવાથી રેબઝેબ બન્યા હતા અને બપોરના સમયે બહાર નીકળનારાઓને ખાસ્સી ગરમીનો સામનો કરવો પડ્યો હતો. વાદળછાયા વાતાવરણ છતાં બફારામાં ઘટાડો ન થતાં ઘરો અને દુકાનોમાં પંખા-એસીનો સહારો લેવો પડ્યો હતો. ઋતુ પરિવર્તનના સમયગાળામાં નવસારીનું હવામાન હાલ ગરમી, ભેજ અને મંદ પવનના ત્રિપલ મારનો અનુભવ કરાવી રહ્યું છે.